પૂર્વછાયો- બહુ ભક્ત બારાંમધ્યે, જન જાણે સરવે રીત ।
સત્ય અસત્યને ઓળખી, કરી પુરુષોત્તમશું પ્રીત ॥૧॥
એવા જન અમળનાં, કરું કાંયક નામ ઉચ્ચાર ।
સુણતામાં સુખ ઉપજે, સહુ સાંભળજ્યો કરી પ્યાર ॥૨॥

ચોપાઇ- ધન્ય ક્ષત્રિભક્ત જીજીભાઇ, જેની પ્રીત અતિ પ્રભુમાંઇ ।
ભક્ત પુંજોજી અમરસિંગ, વિસાભાઇને હરિનો રંગ ॥૩॥
અભેરાજ મોડજી રૂપોજી, અલુભાઇ અમરશી ખોડોજી ।
કણબી ભક્ત છે ઉત્તમરામ, સખીદાસ થોભણદાસ નામ ॥૪॥
દાજી આદિ બીજા બહુ જન, ગામ ગુડેલે કરે ભજન ।
દ્વિજભક્ત રૂપો નરભેરામ, ભાટ ધનુ રહે ખંભાત ગામ ॥૫॥
ક્ષત્રિભક્ત પથો બનેસંગ, કાન મોટભાને સતસંગ ।
એહાદિ જન આખોલ્યમાંઇ, તામસામાં ક્ષત્રિ હઠીભાઇ ॥૬॥
ભાટ ભક્ત મુળજી ને જીજી, ભજે હરિને ભાવે ભાઇજી ।
ક્ષત્રિભક્ત જીભાઇજી નામ, એહાદિ જન રહે વડગામ ॥૭॥
ક્ષત્રિભક્ત દેવોભાઇ કહીએ, એહ ગામ પાનડમાં લહીએ ।
હરિભક્ત ત્રિકમ સુતાર, રહે તે ગામ રોણી મોઝાર ॥૮॥
ક્ષત્રિભક્ત કાંધોજી પુંજોજી, કણબી પ્રભુદાસે કાશ તજી ।
હરિજન એક રામબાઇ, એહાદિ જન ગોરાડમાંઇ ॥૯॥
કોળી ભક્ત કહીએ માલબાઇ, અણદી જશુબા ક્ષત્રિમાંઇ ।
એહાદિ જન જીજકે ગામ, ભજી હરિ કર્યું નિજકામ ॥૧૦॥
દેવજાતિ છે ભક્ત ભાઇજી, વસે મૈયારીયે મોહ તજી ।
કણબી ભક્ત કહીએ રામદાસ, આણંદ ગોકળી વરસડે વાસ ॥૧૧॥
ક્ષત્રિભક્ત નાજોજી કરણ, હઠીભાઇ હરિને શરણ ।
કણબી દાજી ઘાળ તાપીદાસ, એહાદિ જન ગળિયાણે વાસ ॥૧૨॥
કણબી ભક્ત નારાયણ નામ, ભજે હરિ ચિત્રવાડે ગામ ।

ક્ષત્રિ ગગો જેસંગ ભગત, દુધારીમાં ભજે ભગવંત ॥૧૩॥
ક્ષત્રિભક્ત રામોભાઈ કહીએ, નક્કી ભક્ત રહે ગામ નભોએ ।
ભાટ હરિભાઈ હરિશરણ, કણબી ભક્ત રહે ખડે નારણ ॥૧૪॥
દ્વિજ ભક્ત કહીએ કાશીરામ, એહાદિ જન લિંબાશી ગામ ।
કણબી ભક્ત જેરામાદિ જન, વસે ગામ આડેવે પાવન ॥૧૫॥
ક્ષત્રિ ભક્ત કહીએ ભગવાન, વસે ગામ સાયલે નિદાન ।
ભક્ત સુતાર નારાયણ નામ, એહાદિ જન બામણગામ ॥૧૬॥
ભાટ ભક્ત જેઠોભાઈ જાણો, એહાદિ પરિયજે પ્રમાણો ।
ભક્ત ભાટ જગરૂપ જેઠો, લક્ષમણ લાભ લઈ બેઠો ॥૧૭॥
પટેલ ભક્ત બાપુ ગિરધર, એહાદિ સિંજીવાડે સુંદર ।
પટેલ ત્રિકમ ગોકળ લખોભાઈ, ભક્ત ગોપાળ ને ગલો નાઈ ॥૧૮॥
નાઈ ભક્ત રૂપાં ને જોઈતી, રહે સોજીતરામાં શુભમતિ ।
ભક્ત ભાટ છે એક જસુજી, રામદાસ ગુલાબ મુળજી ॥૧૯॥
પટેલ ભક્ત નારણદાસભાઈ, વસે ગામ તારાપુરમાંઈ ।
ભક્ત ગઢવી ગોકળદાસ, કણબી હરિદાસ પ્રભુ પાસ ॥૨૦॥
વિઠ્ઠલજી ભાટ મોટભાઈ, ઠક્કર રણછોડ અમરો કેવાઈ ।
એહઆદિ બીજા બહુ જન, વસે ગામ મોરજે પાવન ॥૨૧॥
ક્ષત્રિ હરિભક્ત છે હઠીજી, ખોડોભાઈ કહીએ કલ્યાણજી ।
એહઆદિ બહુ જન લીજે, વસે ભક્ત એ ગામ બુધેજે ॥૨૨॥
કોળીભક્ત ઉંટવાળામાંઈ, જોયતા સુતા ઉમેદબાઈ ।
પટેલ ભક્ત કાળીદાસ દોય, પ્રભુદાસ ગામ નારે સોય ॥૨૩॥
ક્ષત્રિભક્ત ભગવાન નામ, અવલબાઈ રહે રોણજ ગામ ।
શેઠ વજા આદિ બહુ ભાઈ, વસે ગામ રામોલડીમાંઈ ॥૨૪॥
ભક્ત ભાટ બળિયો છે નામે, એહાદિ જન જલસિણ ગામે ।
ભક્ત લુવાર રામજી આદે, વસે જન હરિના જલોદે ॥૨૫॥
કોળી ભક્ત પ્રતાપ હમીર, રહે ગામ ખડોદીમાં ધીર ।
કણબી ભક્ત હરિભાઈ કહીએ, ધોરીભાઈ આદિ જન લહીએ ॥૨૬॥

ભજે ભગવાન ભાવ ભલે, બહુ જન વસી વડદલે ।
કણબી ભક્ત જેસંગભાઈ જાણો, ગામ રાસમાંહિ પરમાણો ॥૨૭॥
કોળી ભક્ત છે એક રાઈજી, વસે સૈજપુરે ભય તજી ।
કોળી દાજી રતનસિંઘ કહીએ, ચંદ્રસિંઘ રૂપસિંઘ લહીએ ॥૨૮॥
મોટાભાઈ બનેભાઈ દાદો, બાપુજી પુંજોજી ભક્ત આદો ।
ભાટ બળીયો કાળો લુવાર, બદલપુરે એ ભક્ત ઉદાર ॥૨૯॥
કોળી ભક્ત છે અજબસિંઘ, હેમસિંઘને હરિનો રંગ ।
ભક્ત જગો ઝાલો ભાવસિંઘ, જન ગલો દેવાણે અનઘ ॥૩૦॥
કોળી અવલો જીવણ જાણો, ગોરવે ભક્ત ઓઘો લુવાણો ।
કોળી ભક્ત છે ગંભીરસિંઘ, લાખાજીને વાલો સતસંગ ॥૩૧॥
ભક્ત ઉમેદસિંઘ વિરમ, હરિજન હમીર મોકમ ।
એહ આદિ હરિજન જેહ, વસે ગામ શેરડીમાં તેહ ॥૩૨॥
કણબી ભક્ત છે મનજી નામે, એહાદિ જન ઝિલોડ ગામે ।
એહઆદિ જન અગણિત, સર્વેને પ્રભુ પ્રકટશું પ્રીત ।૩૩॥
નરનારી એ પ્રકટ ઉપાસી, થયાં બ્રહ્મનગરનાં નિવાસી ।
એવાં જન અપરમપાર, ભજી હરિને તર્યાં સંસાર ॥૩૪॥
પૂર્વછાયો- બાળ જોબન વૃધ્ધને, વડો મન વિશ્વાસ ।
દેહ છુટે દુઃખિયા નહિ, છે બ્રહ્મમહોલમાં વાસ ॥૩૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે બારાદેશના
હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને ત્રેવીશમું પ્રકરણમ્ ॥૧૨૩॥